સને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન મૂળ ગુજરાતના વતનીઓ પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા છે તે પૈકીના અનુ.જાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર તેમજ અનુ.જાતિ તરીકેના લાભો આપવા બાબત..

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રઃપરચ/૧૧૨૦૧૨/૭૦૦૩૦૮/હ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૮/૨૦૧૩
21 AUG 2013

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૩૧/૩/૯૮નો ઠરાવ ક્રઃઅજપ/૧૦૯૫/ધા.સ. ૨/હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૯/૨૦૦૨ નો ઠરાવ ક્રઃઅજપ/૧૦૯૫/ધા.સ. ૨/હ

(૩) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણનો તા.૧/૪/૨૦૧૩નો પત્ર ક્રઃઅજાક/મ/પ/૨૦૧૩/૨૩૨૧

!! પ્રસ્તાવના !!

ભારત – પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનમાંથી શરણાર્થી તરીકે આવેલા મૂળ ગુજરાતના જૂના દ્વિભાષી બૃહદ મુંબઇ રાજ્યના નગર પારકર પ્રાંત કે જે મૂળભૂત રીતે અગાઉ ગુજરાત રાજ્યનો ભાગ હતો તેના વતનીઓ પૈકીના અનુ.જાતિના લોકોને અનુ.જાતિ તરીકેના લાભો આપવા માટે વંચાણે લીધેલ ક્રમ-(૧) ના તા.૩૧/૩/૯૮ અને ક્રમ-(૨) ના તા.૧૯/૯/૨૦૦૨ના ઠરાવથી જોગવાઇઓ કરવામાં આવી છે. આ જોગવાઇઓનો વ્યાપ વધારવા અંગેની બાબત વંચાણે લીધેલ ક્રમ-(૩) ઉપર દર્શાવેલ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની તા.૧/૪/૨૦૧૩ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ સુધારો કરવામાં આવે છેઃ-

!! સુધારા ઠરાવ !!

મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના અને ભારત પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધ બાદ શરણાર્થી સિવાયના અન્ય કારણોસર પાકિસ્તાન છોડી ભારતમાં આવેલ હોય અને ભારત સરકાર દ્વારા નાગરિકત્વ ફાળવવામાં આવે અને તેઓ મૂળ ગુજરાત રાજ્યના અને કચ્છ જિલ્લાના વતની હોવાનું અને ગુજરાત રાજ્યની માન્ય થયેલ અનુસૂચિત જાતિઓ પૈકીની જાતિના હોવાનું પ્રસ્થાપિત થતું હોય તો તે તમામ આધારો નિયામોનુસાર ચકાસી જાતિ પ્રમાણપત્ર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ તા.૩૧/૩/૯૮ તથા તા.૧૯/૯/૨૦૦૨ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જમાલુદ્દીન એ. સૈયદ)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
સિલેક્ટ ફાઇલ